ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

ક્રમાંક – **2026/06- 196**

પ્રેસનોટ:-**01** તા. **10/06/2026**

‘૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના’ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપા દ્વારા આજે રાજ્યભરમાં મહાઆરતી અને સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમ યોજાયા

-------

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યમાં ૨૦૦ થી વધારે દેવસ્થાનોએ ભવ્ય મહાઆરતી યોજાઈ

-------

આજે શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે અવિરત ૧૨ વર્ષના યશસ્વી કાર્યકાળ સાથે દેશના સૌથી વધુ સમય સુધી સેવારત રહેનાર વડાપ્રધાન બનતા જિલ્લા-મહાનગર-તાલુકામાં સ્થિત વિવિધ મંદિરોમાં મહાઆરતી સાથે વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવન માટે ભાજપા આગેવાનો, કાર્યકરો અને નાગરિકોએ પ્રાર્થના કરી

-------

ગાંધીનગરના અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે વહેલી સવારે આરતીમાં ઉપસ્થિત રહી વડાપ્રધાનશ્રીના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

-------

ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વડનગરના હાટકેશ્વર મંદિર ખાતે રામધૂન, ભજન-કીર્તન, મહામૃત્યુંજય મંત્રના સામૂહિક જાપ અને મહાઆરતી સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાઇ

-------

વડનગર ખાતે સફાઈકર્મીઓનું સન્માન કરતા ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

વડનગરના સુપ્રસિદ્ધ શર્મિષ્ઠા તળાવના કિનારે દિવડાઓની ઝળહળતી જ્યોત વચ્ચે આયોજિત અલૌકિક મહાઆરતીમાં સહભાગી થતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

વડનગર સ્થિત પ્રેરણા સ્કૂલ અને વડનગર રેલવે સ્ટેશનની મુલાકાત કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે કે, વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા અને ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે અવિરત ૧૨ વર્ષ અને ૪૩૯૯ દિવસના યશસ્વી અને પ્રેરણાદાયી કાર્યકાળ સાથે આજે ૧૦ જૂને દેશના સૌથી વધુ સમય સુધી સેવારત રહેનાર વડાપ્રધાન બન્યા છે. શ્રી મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સતત ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

અવસરને વધાવવા કેન્દ્રીય ભાજપાની કાર્યયોજના અનુસાર, પ્રદેશ ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં '૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત આજે રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોના મંદિરોમાં ભાજપા આગેવાનો, ચુંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં મહાઆરતીનું આયોજન કરી વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. રાજ્યભરમાં મહાપુરુષોની પ્રતિમાઓની સાફ-સફાઈ અને વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યમાં ૨૦૦ થી વધારે દેવસ્થાનોએ ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. આજે વહેલી સવારે રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે આરતીમાં ઉપસ્થિત રહી વડાપ્રધાનશ્રીના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી. વડનગર ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં ભક્તિના અનોખા ત્રિવેણી સંગમ સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

વડાપ્રધાનશ્રીના જન્મસ્થળ એવા ઐતિહાસિક અને પૌરાણિક નગર વડનગર ખાતે પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા હાટકેશ્વર મંદિર ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં જ્યાં રામધૂન, ભજન-કીર્તન, મહામૃત્યુંજય મંત્રના સામૂહિક જાપ અને મહાઆરતી સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે સફાઈકર્મીઓનું હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પૂર્વે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડનગર સ્થિત પ્રેરણા સ્કૂલની મુલાકાત લઈ ત્યાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ તેમજ જીવનમૂલ્યો, નેતૃત્વ ક્ષમતા, અને વ્યક્તિત્વ વિકાસ જેવા ગુણો વિકસાવવા માટે કરવામાં આવી રહેલ કામગીરી અંગે માહિતી મેળવી હતી. શ્રી વિશ્વકર્માએ વડનગર રેલવે સ્ટેશનની પણ મુલાકાત કરી હતી.

મોડી સાંજે વડનગરના સુપ્રસિદ્ધ શર્મિષ્ઠા તળાવના કિનારે દિવડાઓની ઝળહળતી જ્યોત વચ્ચે અલૌકિક મહાઆરતી યોજાઈ હતી જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સમ્મિલિત થયા હતા. શ્રી વિશ્વકર્માએ શર્મિષ્ઠા તળાવ ખાતે વોટર એન્ડ લાઈટ શો પણ નિહાળ્યો હતો. વડનગર ખાતેના કાર્યક્રમોમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, સાંસદશ્રી હરિભાઇ પટેલ, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, સામાજિક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

'૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના' અભિયાનના ભાગરૂપે પ્રદેશ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટ દેવમોગરા ખાતે, શ્રી અનિરૂદ્ધભાઈ દવે શક્તિપીઠ માતાના મઢ (કચ્છ) ખાતે અને શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ પાવાગઢ મહાકાળી મંદિર ખાતે સાંજે મહાઆરતીમાં સહભાગી થયા હતા. આ ઉપરાંત રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ અને સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ પોતપોતાના નિર્ધારિત ક્ષેત્રોમાં નાગરિકો સાથે મહાઆરતી અને સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતાં.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત